# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર

## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૨૬ ઓકટોબર થી ૦૧ નવેમ્બર, ૨૦૧૫)

## (૫૦મું અઠવાડિયું)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

**ખેત આબોહવા સલાહ**

| રાજય/ જીલ્લો | ઓકટોબર તથા નવેમ્બર મહિનામાં વરસાદ (મીમી) તારીખ મુજબ | | | | | | | સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૦૧ | |
| **ગુજરાત** | | | | | | | | |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | કપાસનો પાક ફુલ અને જીંડવા અવસ્થાએ છે. જીંડવા અવસ્થાએ જુનાગઢ ખાતે લીલા જીંડવામાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ ચકાસતાં બોલગાર્ડ–૧, બોલગાર્ડ–૨ અને નોન બીટીમાં અનુક્રમે ૫૬, ૨૪ અને ૨૩ ટકા લીલાં જીંડવામાં ઉપદ્રવ નોંધાયેલ છે. જે પૈકી અનુક્રમે ૧૨, ૧૩ અને ૨૭ ટકા જેટલી જીવંત ઈયળની હાજરી જોવા મળેલ છે. **ગુલાબી ઈયળ :** ગુલાબી ઈયળના ઉપદ્રવની શરૂઆત થઈ આ અઠવાડિયામાં ઉપદ્રવ અને નુકશાનની શકયતા છે અને નવેમ્બર–ડીસેમ્બર મહિનામાં ઉપદ્રવમાં વધારો થવાની શકયતા છે. આથી ગુલાબી ઈયળની મોજણી માટે હેકટર દીઠ ૫ થી ૬ ફેરોમોન ટ્રેપ લગાડવાની તેમજ સરેરાશ ૮ ફુદાં પ્રતિ ફેરોમોન ટ્રેપ મુજબ સતત ત્રણ દિવસ સુધીની આર્થિક ક્ષમ્યમાત્રાએ અથવા ૧૦ ટકા જીંડવામાં નુકસાન અને ઈયળની હાજરીની આર્થિક ક્ષમ્યમાત્રાએ જોવા મળે તો કવીનાલફોસ અથવા થાયોડીકાર્બ દવાનો એક છંટકાવ ઓકટોબર મહિનામાં કરવો અને જરૂર જણાય (આર્થિક ક્ષમ્ય માત્રાએ) તો નવેમ્બર મહિનામાં એક વખત સીન્થેટીક પાયરેથ્રોઈડ, દવાનો છંટકાવ કરવો. બીનપિયત વિસ્તારમાં થાયોડીકાર્બ દવાનાં વધુ છંટકાવથી લાલ પાનની સમસ્યા થવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જેથી ઉપર મુજબ દવાની ફેરબદલી કરવી. હવે પછીની પાક અવસ્થામાં ગુલાબી ઈયળના ઉપદ્રવની ખાસ મોજણી અને નિગાહ રાખવી અન્યથા ઓકટોબર–નવેમ્બર મહિનામાં ગુલાબી ઈયળનું નુકશાન વધી શકે છે. ઓકટોબર મહિનામાં અંત સુધી વધુ પડતો સીન્થેટીક પાયરેથ્રોઈડ દવાનો વપરાશ ટાળવો. બજારમાં મળતી મિશ્ર દવાનો ઉપયોગ પણ ટાળવો અન્યથા સફેદ માખીનો ઉપદ્રવ વધી શકે છે. ખેડુતોને ડીસેમ્બર સુધીમાં કપાસની વીણી પુરી કરી પાક કાઢી નાંખવાની સલાહ આપવામાં આવે છે. બિન જરૂરી ૨૦૧૬ના વર્ષમાં પાક લંબાવવાનું ટાળવું. પાકને સમયસર ખેતરમાંથી કાઢી નાંખવાથી ગુલાબી ઈયળનો ઉપદ્રવ ઘટશે અને તેમાં બીટી કપાસ સામે વિકસતી પ્રતિકારકતા ઘટી શકે. હજી પણ કેટલીક જગ્યાએ ગત વર્ષની કરસાંઠીઓના શેઢાપાળા ઉપર ઢગલાં જોવા મળેલ છે જેનો તાત્કાલીક બાળીને નાશ કરવો. ગોડાઉન અથવા ઘરે સંગ્રહિત કરેલ કપાસમાંથી ગુલાબી ઈયળનો ફેર–ઉપદ્રવ થવાની શકયતા રહેલી હોય છે. જો આવા કપાસનાં બીજમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળે તો તાત્કાલીક બાળીને નાશ કરવો. |
| ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સાંબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |